# સે-૨૪માં દબાણ ટીમ ફરી સક્રિય

## ફેન્સીંગના ૧૧ દબાણોનો સફાયો કરાયો : ફેન્સીંગ તેમજ વાડના દબાણો દુર કરી જગ્યા ખુલ્લી કરાઇ





ગાંધીનગર તા ૧૬

શહેરમાં દબાણ હટાવો ઝુંબેશ ફરી હાથ ધરવામાં આવી છે. સે-૨૪ માં દબાણ હટાવ ઝુંબેશ અન્વયે આજે ફેન્સીંગના દબાણો દુર કરાયા હતા. જેમાં રહેણાંક વિસ્તારમાં તાંણી બંધયેલી ૧૧ જેટલી ફેન્સીંગ દુર કરવામાં આવી હતી. શહેરના અન્ય સેકટરોમાં પણ ફેન્સીંગના દબાણોએ અજગર ભરડો લીધો છે. કેટલાક ઠેકાણે રહેણાંક કે કોર્મશિયલના પ્લોટ થી વધુ જગ્યામાં ફેન્સીંગ તાંણી બાંધવામાં આવી છે.

શહેરમાં કાચા પાકા દબાણો દુર કરવા માટે તંત્ર દ્વારા ગત દિવસોમાં ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જયારે આ દરમિયાન પ્રાથમિક તબક્કે લારી ગલ્લાના દબાણો ઉપરાંત કાચા પાકા દબાણો દુર કરવામાં આવ્યા હતા. જયારે દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન સે-૨૪ માં અનેક વિધ દબાણોનો સફાયો કરી દેવામાં આવ્યો હતો. જેમાં પાકા દબાણો પર બુલડોઝર ફેરવી દેવાતા સ્થાનિકોમાં પણ રોષ પ્રવર્તાયો હતો. આ દરમિયાન શહેરના રહેણાંક વિસ્તારમાં પણ કોર્મશિયલ ગતિવિધિઓ બદલ હેતુફેરના કિસ્સામાં દુકાનો સીલ કરવા સુધીના પગલા લેવાયા હતા. જયારે હવે સે-૨૪ માં ફરી એકવાર દબાણની ટીમ ત્રાટકી છે. જેમાં આજે સે-૨૪ માં સરકારી જગ્યામાં તાંણી બંધાયેલી મોટીમસ ફેન્સીંગ કે વાડ દુર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. સેકટરમાં ૧૧ જેટલા ઠેકાણેથી ફેન્સીંગના દબાણો દુર કરવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# એસ્પીરેશનલ ડીસ્ટ્રીક્ટમાં ગાંધીનગર જિલ્લો ૨૨માંથી હવે ૧૬મા સ્થાને

## આરોગ્ય સેવાઓમાં રાજ્ય કક્ષાએ ૨૨મા ક્રમે ધકેલાયેલ ગાંધીનગર હવે ૧૬માં ક્રમે પહોંચતા તંત્રમાં ખુશીની લહેર

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લો એ એસ્પીરેશનલ ડીસ્ટ્રીક્ટમાં જે અગાઉ ૨૨મા ક્રમે હતો તેના સ્થાનમાં સુધારો થતાં તે હવે ૧૬માં ક્રમે પહોંચ્યો છે.

જિલ્લાના આરોગ્યતંત્રના હેલ્થમિશનના કર્મચારીઓની હડતાલને લઈ તેમજ સેવાઓને લઈ જે ગિરાવટ આવી હતી તેમાં ખાસ્સો સુધારો જોવા મળ્યો છે. આરોગ્ય સેવામાં જિલ્લો જે ૨૨મા ક્રમે હતો તેમાં સુધારો થઈ અને ૧૬માં ક્રમે પહોંચ્યો છે.

આ ઉપરાંત ખેતીવાડી તેમજ નાણાંકીય સેવાઓની આંકમાં પણ સુધારો થવા પામ્યો છે. આ ઉપરાંત સ્કીલ ડેવલપમેન્ટમાં પણ પાંચ ક્રમાંકનો સુધારો જણાયો છે.

મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત યોજાયેલ કલોલ ખાતેના કેમ્પ બાદ આ સુધારો નોંધાતાં જિલ્લાતંત્રમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે તાજેતરમાં આ અંગે મળેલ સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગોને કામગીરી સઘન બનાવવા માટેની તાકીદ કરી હતી.

શિક્ષણમાં પણ ગુણાત્મક સુધારાનો આગ્રહ કલેક્ટરશ્રી લાંગાએ કર્યો હતો. જોકે મિશન વિદ્યાના પરિણામ પછી પણ ઉપચારાત્મક પ્રયોગ ચાલુ રાખવાનો આગ્રહ પણ તેમણે કર્યો હતો.

જિલ્લામાં આરોગ્ય-શિક્ષણ, ખેતી, સ્કીલ ડેવલપમેન્ટ-નાણાં સહિતની વિવિધ સેવાઓને લઈ મુખ્યમંત્રી અને મુખ્ય સચિવ કક્ષાએ નિયમિત રીતે મોનીટરીંગ તેમજ સમીક્ષા કરવામાં આવે છે.

# સ્વચ્છ ભારત મિશનને લઈ કેન્દ્રની ટીમ સોમવારે જિલ્લાની મુલાકાતે આવે તેવી સંભાવના

ગાંધીનગર, તા.૧૬

કેન્દ્ર સરકારની સ્વચ્છ ભારત મિશન અંતર્ગત એક ઉચ્ચ સ્તરીય ટીમ સોમવારે ગાંધીનગર આવે તેવી સંભાવનાઓ છે.

મળતી વિગતો મુજબ બેઝ લાઈન સર્વે મુજબ શૌચાલયોની કામગીરી સંપન્ન થઈ જવા પામી છે અને જિલ્લો ઓપન ડેફીનેશન ફ્રી પણ ઘોષિત થયેલો છે. આ સંજોગોમાં આ ટીમની મુલાકાતની સંભાવનાઓ વધી જવા પામી છે.

રાજય સરકારના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વગતો પ્રમાણે ગ્રામ વિકાસ કમિશનરશ્રીની કચેરી દ્વારા આ અંગેની તૈયારીઓ ચાલી રહી છે. ટીમે કયા જિલ્લામાં જવું ને કયા ગામમાં જવું તે ફિકસ કર્યું ન હોવાથી તમામ જિલ્લાઓને તૈયારી કરવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

આ ટીમ ગ્રામ્ય વિસ્તારમાં ફરી સ્વચ્છતા અંગે ચાલતી ઝુંબેશ તેમજ કામગીરીને નિહાળશે એટલું જ નહિ ગ્રામજનો સાથે આ મુદ્દે ચર્ચાઓ પણ કરશે અને જનજીવનમાં સ્વચ્છતાથી આવેલા બદલાવની વિગતો પણ મેળવશે.

ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના આયોજનના ભાગરૂપે પણ આ ટીમ આવી રહી હોવાની વાતો ગ્રામ વિકાસ કમિશનર કચેરીના સૂત્રોમાં થતી સાંભળવા મળી હતી. આ ઉપરાંત જાન્યુઆરીમાં યોજાનાર વાયબ્રન્ટ સમીટમાં પણ 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ની વાતને અસરકારક રજુ કરી શકાય તેવો પણ પ્રયાસ તંત્ર દ્વારા કરવામાં આવે તેવી શકયતાઓ છે.

જિલ્લા દ્વારા દરેક તાલુકામાં ત્રણ ત્રણ ગામોની યાદી સરકારને મોકલવામાં આવી હોવાનું બિનસત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે.

# મારી ભૂમિકા આગામી ચૂંટણીમાં ભાજપને હરાવવાની હશે : શંકરસિંહ

## વાઘેલાના ફરીવાર ભાજપ-મોદી સરકાર પ્રહાર : ભાજપ સિવાય અન્ય પક્ષ ૩૦૦ બેઠક સાથે કેન્દ્રમાં સત્તા મેળવશે

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા આજે પોતાના નિવાસસ્થાને એક પ્રેસ કોન્ફરન્સ ફરી એકવાર ભાજપ સરકાર અને મોદી સરકાર પર પ્રહારો કર્યા હતા. આગામી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીને લઈ શંકરસિંહે તેમનું વલણ આજે સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, લોકસભાની ચૂંટણીમાં મારો રોલ ભાજપને હરાવવાનો હશે, ભાજપની સામે જે કોઈ વિપક્ષ કે અન્ય પક્ષો હશે તેમની મદદમાં હું હોઈશ અને મારી ભૂમિકા ભાજપને હરાવવાની રહેશે. તેમણે પાટીદાર અનામત આંદોલન સમિતિના નેતા હાર્દિક પટેલને મદદ કરવા અંગે જણાવ્યું હતું કે ભાજપે હાર્દિકને ઘરની બાબતમાં હેરાનગતિ કરવી જોઈએ નહીં, હાર્દિક જો મારા પડછાયામાં રહેશે તો તેને નુકસાન થાય તેમ છે, જે યોગ્ય નથી. દરમ્યાન ભાજપના વરિષ્ઠ નેતા લાલ કૃષ્ણ અડવાણીના લોકસભા ચૂંટણી લડવાના મુદ્દે શંકરસિંહે જણાવ્યું હતું કે, હું દિલ્હીમાં અડવાણીને મળ્યો હતો તેમની સાથેની વાતચીતમાં મેં પૂછ્યું હતું કે તમે ગાંધીનગરથી ચૂંટણી



લડવા ના છો તો અડવાણીએ હા પાડી અને તેમણે ઈશારો કર્યો હતો કે, જો આરએસએસ કહેશે તો ચોક્કસ લડીશ. આગામી લોકસભાની ચૂંટણીમાં

● અનુસંધાન પાન-૭ પર

# બાલોદ્યાન અને સરીતા ઉદ્યાનની રોનક નિખરી પરંતુ સેકટરોના બગીચા ઉજ્જડ

## સેકટરોના બગીચાઓમાં સાંજ ઢળતા જ અંધારપટ્ટ : આનંદ પ્રમોદના સાધનોનો પણ અભાવ : બગીચાઓની જાળવણીનો મુદ્દો રામભરોસે

ગાંધીનગર તા ૧૬

શહેરમાં બાલોદ્યાન તેમજ સરીતા ઉદ્યાનની કાયાપલટ કરી દેવામાં આવી છે. પરંતુ સેકટરોના બગીચા ઉજ્જડ બન્યા છે. મેન પાવર અને મશીનરીના અભાવ વચ્ચે સેકટરોના બગીચાઓની દરકાર લેવાનુ વિસરાયુ છે.જેના લીધે સેકટરવાસીઓમાં રોષ પ્રવર્તાયો છે. આવા સંજોગોમાં સેકટરોના બગીચાઓને મરણપથારીએથી બેઠા કરવા માટે પણ તંત્ર દ્વારા કોઈ આયોજન કરવામાં આવે તેવો સુર ઉઠવા પામ્યો છે.

શહેરની આગવી ઓળખ સમાન સે-૨૮ ના બાલોદ્યાનને રીનોવેશનના અંતે નવા રૂપરંગ આપવામાં આવ્યા છે. જયારે એક જમાનામાં લવર્સ પાર્ક તરીકે ઉભરી આવેલા સરીતા ઉદ્યાનનુ પણ કરોડોના ખર્ચે નવિનીકરણ કરવામાં આવ્યુ છે .શહેરમાં છેલ્લા ઘણાં સમયથી આ બન્ને મુખ્ય ઉદ્યાનો જ મરણ પથારી પડયા હતા. જયારે હવે આ ઉદ્યાનોની સિકલ બદલી નાંખવાની સાથે જરૂરી સુવિધાઓ ઉભી કરાતા સહેલાણીઓમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. જેના લીધે રજાના દિવસોમાં અમદવાદ સહીતના શહેરમાં સહેલાણીઓના ટોળા ઉમટે છે. જયારે પાર્કની હરિયાળી અને રોનક નિખરતા સહેલાણીઓમાં પણ સંતોષની લાગણી વ્યાપી છે. પરંતુ નગરના સેકટરોમાં સ્થિત ઉદ્યાનો હજુ પણ કંગાળ હાલતમાં છે.

શહેરના સ્થાપના કાળથી અસ્તિત્વમાં આવેલા કેટલાક બગીચાઓ ઉજ્જડ બન્યા છે. જયારે સેકટરોમાં સ્થાનિકો માટે નિર્માણ કરાયેલા ઉદ્યાનોમાં બાળકો માટે રમતગમતના સાધનોના ઠેકાણા તો નથી. પરંતુ માળી સહીત બગીચાની જાળવણી માટે પણ કોઈ સુવિધા ન હોવાથી સ્થાનિક રહીશોમાં રોષ પ્રવર્તાયો છે. જયારે સાંજ ઢળતા જ લાઈટના અભાવે બગીચાઓમાં અંધારપટ્ટ છવાઈ જાય છે. આવા સંજોગોમાં કેટલાક બગીચાઓમાં દુષણો પાંગરી રહ્યા છે. બાગાયત તંત્ર પાસે પણ પુરતો મેન પાવર અને મશીનરી નથી જેના લીધે ઉદ્યાનોની સંભાળ લેવાનુ કામ મુશ્કેલ બન્યુ છે.

કાર્પોરેશનના તંત્ર દ્વારા સેકટર -૭ , સે-૨૨ સહીત અન્ય કેટલાક ઠેકાણે બગીચાઓની દરકાર લઈ બગીચાઓની રોનક નિખારવામાં આવી છે. પરંતુ અન્ય સેકટરોમાં બગીચાઓની હાલત અત્યંત કંગાળ હોવાના લીધે ત્વરિત અસરથી આ બગીચાઓની કાયાપલટ કરવા સહીત આનુસંગિક સુવિધાઓ ઉભી કરવા પણ માંગ ઉઠવા પામી છે.

# શહેરી ગામોમાં સ્ટ્રીટ લાઈટ ડુલ તંત્રમાં ફરિયાદ કોઈ સાંભળતું નથી

ગાંધીનગર તા ૧૬

શહેરી વિસ્તારના ગામોમાં હજુ સુધી માળખાગત સુવિધાઓ યોગ્ય થઈ ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. શહેરી વિસ્તારના ગામોમાં પાણી વિતરણ વ્યવસ્થા હજુ અપગ્રેડ થઈ રહી છે. પરંતુ એલ ઈ ડી લાઈટો લગાવાયા બાદ હજુ પણ ગામોમાં ઠેર ઠેર સાંજ ઢળતા જ અંધારુ છવાઈ જાય છે.

શહેરમાં એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલમાં આવ્યા બાદ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટ ડુલ રહેતી હોવાની ફરિયાદો સ્થાનિકોના રોષનુ કારણ બની છે. જયારે નવા સેકટરોમાં પણ ૧૦૦ થી વધુ સ્ટ્રીટ લાઈટના થાંભલા બંધ હાલતમાં હોવાનુ ધ્યાને આવ્યુ છે. બીજીતરફ શહેરી વિસ્તારના ગામોમાં પણ સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ શોભાના ગાંઠીયા સમાન બની રહ્યા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સ્થાનિકો કોર્પોરેટર હસમુખ મકવાણાના જણાંવ્યા મુજબ સ્ટ્રીટ લાઈટના કેબલમાં ક્ષતિ હોવાની ફરિયાદો વધી છે. જયારે કેબલ ફોલ્ટના સમારકામ માટે તેમજ કેબલ થી ઉપર પોલના રીપેરીંગ માટે તંત્ર એકમેકને ખો આપતા લાઈટો લાંબા સમય સુધી બંધ હાલતમાં જ જોવા મળે છે. શહેરી વિસ્તારના ગામોમાં પણ આવી જ દશા છે. શહેરી વિસ્તારના સાતેય ગામોમાં માળખાગત સુવિધાઓનો હજુ પણ અભાવ હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. જયારે ગ્રામ્ય વિસ્તારમાં એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી બનાવાયા બાદ પણ મોટાભાગની સ્ટ્રીટ લાઈટો બંધ જોવા મળી રહી છે. આવા સંજોગોમાં સ્ટ્રીટ લાઈટના સમારકામ માટે પણ તંત્ર એકબીજાને ખો આપે છે. ત્યારે સ્ટ્રીટ લાઈટો હોવાછતા સ્થાનિકોએ રાત્રિના સમયે અંધારપટ્ટ સહન કરવાનો વારો આવ્યો છે. આ મામલે યોગ્ય અભ્યાસના અંતે ત્વરિત રીપેરીંગ કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# બે દિવસમાં ખેડૂતોએ ૧૪૭૪ કવિન્ટલ મગફળી વેચી

ગાંધીનગર, તા.૧૬

જિલ્લામાં આજે બીજે દિવસે પણ ખેડૂતો દ્વારા ૫૦૨ કવિન્ટલ મગફળીનું ટેકાના ભાવે વેચાણ કરવામાં આવ્યું હતું.

આજે તંત્ર એ ૨૫ જેટલા ખેડૂતોને બોલાવ્યા હતા અને ખેડૂતો તેમજ તંત્રને મદદરૂપ થવા માટે ટીપનું પણ વિસ્તૃતીકરણ કર્યું હતું.

ખેડૂતો દ્વારા બે દિવસમાં ૧૪૭૪ કવિન્ટલ જેટલું ઉત્પાદન ટેકાના ભાવે વેચાણ કર્યું છે. ગઈ કાલે ૯૭૨ કવિન્ટલની ખરીદી ટેકાના ભાવે કરાઈ હતી.

આ કેન્દ્ર પર ડાંગરની પણ ખરીદી ટેકાના ભાવે થઈ રહી છે એટલે ખેડૂતો મોટી સંખ્યામાં આવી રહ્યા છે. જિલ્લામાં મગફળીનું ઉત્પાદન આ વર્ષે ગત વર્ષની સરેરાશ જાળવી રાખશે તેમ મનાઈ રહ્યું છે. આજે પણ રજીસ્ટ્રેશન મગફળીના વેચાણ માટેનું ચાલુ રહ્યું હતું.

# વિજાણુ માધ્યમમાં રાજકીય જાહેરાત માટે મંજુરી લેવી પડશે

ગાંધીનગર,તા.૧૬

નામદાર સુપ્રિમ કોર્ટે બંધારણના અનુચ્છેદ ૧૪૨ હેઠળ આપેલી સૂચના મુજબ રાજકીય પક્ષો, ચૂંટણીના ઉમેદવારો સંગઠનો કે વ્યક્તિ દ્વારા રાજકીય પ્રકારની જાહેરાતો ટીવી કેબલ નેટવર્ક, રેડીયો અને સોશિયલ મીડિયા જેવા વિજાણું માધ્યમોમાં પ્રસારિત કરતાં પહેલાં, આ હેતુ માટે રાજ્યકક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ રચાયેલ મીડિયા સર્ટીફિકેશન એન્ડ મોનીટરિંગ કમિટિ સમક્ષ રજૂ કરી પૂર્વ મંજૂરી મળ્યા બાદ જ પ્રસારિત કરવાની રહે છે. આ કાર્યપદ્ધતિ કાયમી ધોરણે ભારતના બધાજ પ્રાંતોમાં એકસમાન રીતે લાગુ પડે છે તેમ, ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી ડૉ.એસ મુરલી ક્રિષ્ણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

ધી મહેસાણા અર્બન કો. ઓપ. બેન્ક લિ. (મલ્ટી સ્ટેટ શિડયુલ્ડ બેન્ક)

હેડ ઓફિસ : અર્બન કોર્પોરેટ બિલ્ડીંગ, હાઈવે, મહેસાણા – ૩૮૪૦૦૨

ફોન : (૦૨૭૬૨) ૨૫૭૨૩૩, ૨૫૭૨૩૪ Email : info@mucbank.com, Website : www.mucbank.com

ગુજરાત રાજયની બીજા નંબરની ૫૩ શાખાઓ ધરાવતી મલ્ટી–સ્ટેટ શિડયુલ્ડ કો. ઓપ. બેન્ક લિ. આપની સેવામાં સતત ડીજીટલ બેન્ક તરીકે કાર્યરત છે.


તા : ૩૦/૦૯/૨૦૧૮ ના રોજના પ્રગતિ દર્શક પરિણામો

ડીપોઝીટ રૂા. ૪૮૦૦ કરોડ અને ધિરાણ રૂા. ૩૪૦૦ કરોડ સાથે કુલ બીઝનેશ રૂા. ૮૨૦૦ કરોડ

ધનવૃધ્ધિ ડીપોઝીટના આકર્ષક વ્યાજ દર

| સમય | સામાન્ય થાપણદાર માટે | સીનીયર સીટીઝન | સુપર સીનીયર સીટીઝન |
| --- | --- | --- | --- |
| ૧ વર્ષ થી વધારે | ૭.૫૦% | ૮.૦૦% | ૮.૨૫% |
| ૨ વર્ષ થી વધારે | ૮.૦૦% | ૮.૫૦% | ૮.૭૫% |

બેન્કની અધતન ડીઝીટલ સેવાઓ




ઘરનું ઘર બનાવવા માટે હાઉસીંગ લોન ફકત : ૮.૯૫% ૨૪૦ માસનો રીપેમેન્ટ સમય

ઓછા વ્યાજ દરે વ્હીકલ લોન ફકત : ૯.૦૦% ૮૪ માસ નો રીપેમેન્ટ સમય

સેવિંગ તથા કરંટ ખાતેદારને રૂા. ૨,૦૦,૦૦૦/– નો અકસ્માત વિમો ફ્રી માં મળશે.

THE MEHSANA URBAN CO-OP. BANK LTD. (Multi State Scheduled Bank)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN®

ashirvad

BENELAVE™

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

BRIDGESTONE

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com